# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૩૯ • તા.૭ ડિસેમ્બર થી ૧૩ ડિસેમ્બર ૨૦૨૪



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# કે.ડી.ઓ રેસિડન્સ હુબલીના પ્રાંગણમાં



# વિવિધલક્ષી હૉલનું ભૂમિપૂજન



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member

SHUBH
DIAMONDS








RAJESH MOMAYA
9884149494

# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/ મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# માનવ કલ્યાણનો મારગ અપનાવીએ

આજે યંત્ર અને વિજ્ઞાનના બાહુલ્યથી સમાજ પ્રગતિ પણ કરી છે અને અધોગતિ પણ વહોરી છે. ઈર્ષા, વેર, અસૂયા, અલગતાવાદ અને આતંકવાદનો ભોરીંગ જીવતા જીવોને ભરડામાં લપેટી લીધો છે. જાત-ધર્મના વાડાભેદ, બીજાથી ચડિયાતા પણાની સ્પર્ધા એવી લાગી છે. જાણે ક્યારે અટકશે નહીં, વિરામ લેશે જ નહીં. આને આપણે શું પ્રગતિ કરી શું? વિકાસ કહીશું કે ગતિ કહીશું? આ વિકરાળ દૂષણો હેઠળ માનવ જાત કચડાઈ રહી છે. પીલાઈ રહી છે. સાચાને કોઈ સમજતું નથી. કે નથી કોઈ તેને ગણનામાં લેતું તે લઘુમતિમાં રહી ગયો છે. અસૂર અને અત્યાચારી આત્મા આઝાદ બનીને નિર્ભયતાથી ફરી રહ્યાં છે. સત્ય, શાંતિ અને ક્ષમાનો બોધ કોઈને અસર કરી રહ્યો નથી. દિવસો દિવસ પાપનાં ઘડાં ભરાતા જાય છે. શીલ અને ક્ષમા, ધર્મ અને શાંતિ સદ્‌ભાવ અને સમર્પણ, એક કોરે બે સહારા બનીને પાંખડીઓની લીલા જોતા ઊભા રહીં ગયા છે.

આ કપરા ભવમાં પ્રભુ મહાવીર સ્વામીનો સંદેશ ખરો રાહબર બની પથદર્શન કરાવી શકે છે. અવિચારી, અધમ, અનિષ્ટ તત્વોનું શમન કરી શકે છે. નિંદા અદેખાઈ, રાગદ્રેષ, ઈર્ષા, તિરસ્કાર, ધિક્કાર જેવા કાયમી કષાય ભાવોથી તિલાંજલિ અપાવી શકે છે.

સંન્યત સ્વીકારી સંયમ ગ્રહણ કરી સાધુ જીવનને સ્વીકારવાથી જ શુદ્ધતા મળે છે એવું નથી. નિર્મળ હૃદયથી સમતા સ્નેહ અને શુદ્ધ ભાવ કેળવવાથી અને પ્રત્યેક આત્મા પ્રત્યે કલ્યાણ ભાવની કામના કરવાથી પણ માંગલ્ય, ભાવ સર્જાય છે. મૈત્રી વિસ્તરે છે અને મૃદુતા સર્જાય છે.

જિનશાસનની ભવ્ય મહોલાત અહિંસા, તપ, ત્યાગ અને સંયમના ભવ્ય ભાવથી શાશ્વત ટકેલી છે. નાના,મોટા, સુક્ષ્મ કે મહાજીવો, નરી આંખે ન દેખાતા જીવજંતુઓ ની પ્રત્યે મૃદુતા કેળવી, દયા ભાવ, પ્રેમ અને આત્માકલ્યાણની ભાવના રાખીએ એ જ ધર્મનો સંદેશ છે. એજ જિન શાસનનો બોધ છે. શીખ છે. કઠોરતા ને ત્યાગી કોમળ બનીએ ભારથી ભારી નહીં પણ ભાવથી ભર્યા ભાદર્યા થઈએ હવા જેવા હળવાફૂલ થઈએ. શાંત છતાં શક્તિ અંતરમાં રાખીએ પણ તેનું પ્રદર્શન બહાર ન કરીએ. કોઈ જીવને પીડિત કરીને ન બતાવીએ. સુગંધ અદ્રશ્ય છે. પણ તેને મહસૂસ કરી શકીએ છીએ. તેનો કદ. આકાર કે વજન નથી છતાં ધરાવતી હવા મોટા ભારેખમ જહાજોને સમુદ્રમાં વહેતા રાખે છે. ગતિમાન રાખે છે. શક્તિ સર્વત્ર ફેલાઈ પોતાનો અસ્તિત્વની જાણ સૌને કરી દે છે. તેને મુઠીમાં બાંધી નથી શકતા. આ તાકત, આ બળ સ્વભાવનો છે. સહજ ભાવનો ને સમર્પણ ભાવનો છે.

માનવ જન્મ મળ્યો છે તો સૌ પહેલાં માનવીય ગુણોને પ્રાપ્ત કરી માનવતાને ઉજાગર કરીએ. માનવ માંથી મુનિત્વ પ્રાપ્ત કરીએ. સદ્‌ભાવ, સદ્‌કલ્યાણ અને સમભાવના ગુણો કેળવીને કષ્ટ કે તકલીફ ભોગવતા જીવનો ઉદ્ધાર કરીએ. અજ્ઞાનતામાં સપડાયેલ જીવનું કલ્યાણ કરીએ. કોઈને બચાવવા જતાં આપણને કષ્ટ પડે, તકલીફ પડે એ હસતાં હસતાં સ્વીકારી પરમાર્થ કાર્ય આપણા હસ્તે થયું એવો ભાવ કેળવીએ. હળવાં બનીને આપણે તરીએ સાથે અન્યોને પણ તારીએ એજ માનવ કલ્યાણનો ધર્મ સાર છે.

– જ્ઞાતિમૈયા

# ઘરની કુશળ વ્યવસ્થાપક

કુટુંબ એ દરેક વ્યક્તિના જીવનનો મહત્વનો ભાગ છે. પ્રાથમિક એકમ છે જીવનનું કેન્દ્રબિંદુ છે. વ્યવહાર સાથે વ્યવસાય માટેની ભાગદોડ સમાયોજન પરિવર્તન, તકલીફો બધું જ અનેક રીતે સ્પર્શે છે અને આપણને આધાર આપે છે. એટલે ઉપર છત અને ચાર દિવાલને ઘર કહીએ છીએ. જ્ઞાનીજનોએ કહ્યું છે કે ધરતીનો છેડો ઘર, એ ખોટું નથી. ઘર પ્રત્યેક સંસારી જણ માટે પ્રાણ સમાન છે. ઉપર છત હોવી એનું ખૂબજ મહત્વ છે. ઈંટ, સિમેન્ટ, લાકડાની મદદથી કારીગરો પણ ગૃહિણીના અનન્ય ત્યાગથી જ મકાન ઘર બને છે. એટલે Sweet Home કહીએ છીએ.

નાનું હોય કે મોટું, ફ્લેટ હોય કે ડુપ્લેક્સ અથવા બંગલો. ભલે ભાડાનું હોય કે ઓનરશીપનું એક રૂમનું RK હોય કે 2 BHK, 3 BHK ઘર આખરે ઘર છે. ગામડાનું હોય કે શહેર કે મહાનગરમાં આપણું ઘર આ ધરતીનો છેડો કહેવાય છે. વિદેશના પ્રવાસે ફરી ફરીને પાછા પોતાના ઘરે પહોંચવાનો તલસાટ હોય છે. તેથી ઘરને જીવનનું કેન્દ્ર કહ્યું છે.

ઘર બને, સજાવટ થઈ જાય પણ રોજે રોજનો વ્યવહાર ચલાવવું સરળ નથી. આમાં કુશળતા સ્ત્રીઓને હસ્તગત છે. પરિવાર સંયુક્ત હોય કે વિભક્ત પણ ખર્ચની, દરેક વ્યક્તિઓની સગવડ, તેની પસંદગીના પસંદગી, ઈચ્છા, અનુકૂળતા દૈનિક ચર્યા, આવવા જવાના ટાઈમ, જમવા ફરવાના ગમા અણગમા વગેરેના વણ લખેલા નિયમો શિસ્તબધ્ધ રીતે તેનું પાલન કરવામાં સ્ત્રીઓ કુશળતા ધરાવે છે. ઘરનો વ્યવહાર સરળ અને સરસ રીતે ચાલતો રહે છે તેનું શ્રેય સમ સ્ત્રીને જાય અને વડીલ પરિવારજનોની સગવડ સાચવવામાં જ સ્ત્રીનું જીવન પૂરું થઈ જાય છે એવું કહીએ તો અતિશક્યોકિત નથી.

પુરૂષનો મહત્વનો ફાળો રોજગાર રળવામાં કમાઈ કરવા માટેનો છે. પણ સ્ત્રી ઘરમાં રહીને વહેલી સવારથી મોડી રાત સુધી ગૃહકાર્યમાં, સંતાનોના અભ્યાસ કાર્ય ઉપર ધ્યાન આપવામાં, તેના સ્કૂલ જવા આવવાના સમય સાચવવામાં, કામવાળીના પ્રશ્નો, ઈસ્ત્રીના કપડાનો મેનેજમેન્ટ, ઘરમાં ખૂટતી ચીજ વસ્તુઓ, ફળ, શાકભાજી અનાજ, મસાલા, દૂધ, દહીં ઈત્યાદી જણઓનો પુરવઠો ખૂટે નહીં તેની તાણમાં રહે છે. ઘરને સરળપણે ચલાવાય એ માટે આર્થિક આયોજન કરવામાં સ્ત્રીવર્ગની માસ્ટરી હોય છે.

આર્થિક બજેટનું સંતુલન કરવાના સાથે ઘરમાં શાંતિ જળવાઈ રહે એ માટે પણ સ્ત્રી પોતાનો મહત્વનો ફાળો આપે જ છે તે છતાં એ માટે સહિયારા પ્રયત્ન રહેવા જરૂરી છે. વડીલોનું માન તેમની આમન્યા જળવાય સાથોસાથ મોટા થતાં સંતાનોના ગમા-અણગમાને ઠેસ ન પહોંચે એનું બેલેન્સ કરવું. દીકરા દીકરીના ઉછેરમાં ભેદ ન આવે. તે રીતે પરવરિશ એ પણ મોટી જવાબદારી છે. જેવી પરિસ્થિતિ આવે. તે   પ્રમાણે જીવી જવું એ કળા પ્રત્યેક સ્ત્રી માટે સહજ છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# કે.ડી.ઓ રેસિડન્સ હુબલીના પ્રાંગણમાં વિવિધલક્ષી હૉલનું ભૂમિપૂજન

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન હુબલીના બિનહરીફ રીતે સતત ૫૦ વર્ષથી પ્રમુખપદ શોભાવી રહેલ એકમેવ વડીલ શ્રી ભરત બી. ખીમજીના વરદ હસ્તે વિવિધલક્ષી હૉલનું ભૂમિપૂજન તા.૪ નવેમ્બર ૨૦૨૪ના કુસુગલ રોડ હુબલી મુકામે KDO RESIDENCYના પ્રાંગણમાં સંપન્ન થયું. આ પ્રસંગે પ્રમુખશ્રીના ધર્મપત્ની સૌ.રાણીબેન, ઉપપ્રમુખ શ્રી તિલકચંદભાઈ વિકમશી, વહીવટદાર શ્રી શરદભાઈ મોમાયા અન્ય ટ્રસ્ટીઓ તથા આમંત્રિત મહેમાનો તેમજ બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી. ભૂમિપૂજન વિધિ બાદ અલ્પાહારને ન્યાય આપી સહુ છૂટા પડ્યા હતા.

– સંકલનઃ શાંતીલાલ રામજી લાલકા, હુબલી.









# પ્રકાશ સમીક્ષા મેગેઝિનનો શાનદાર
# શતાબ્દી સમારોહ યોજાયો




રવિવાર તા.૧ ડિસેમ્બરનો દિવસ ક.દ.ઓ.જ્ઞાતિ માટે મહત્વપૂર્ણ બની રહ્યો. કારણ કે ક.દ.ઓ.જ્ઞાતિ દ્વારા પ્રકાશિત થતું પ્રકાશ સમીક્ષા મેગેઝિનને સો વરસ પૂર્ણ થયા એ પ્રસંગે શતાબ્દી સમારોહની શાનદાર ઉજવણી શ્રી સન્મુખાનંદ ચંદ્રશેખરેન્દ્ર સરસ્વતી ઓડિટોરિયમ કિંગ સર્કલ માટુંગા ખાતે શાનદાર રીતે પ્રકાશ સમીક્ષા સમિતિ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી. આ પ્રસંગે ક.દ.ઓ. આગેવાનો, વિવિધ મહાજનો-મંડળોના પદાધિકારીઓ, સન્માનીય દાતાશ્રીઓ, મેગઝિનના પૂર્વ તંત્રી શ્રી, સહતંત્રીશ્રીઓ, પ્રતિનિધિઓ તથા લેખકોના પરિવારજનો અને વિશાળ સંખ્યામાં દૂર સુદૂરથી પધારેલ જ્ઞાતિજનોએ સમારંભને ચાર ચાંદ લગાવ્યા હતા.

સાંજે ૬.૧૫ કલાકે શતાબ્દી સમારોહની ઉજવણીનો સંગીતની સુરાવલીઓ સાથે પ્રારંભ થયો હતો. ‘સદાબહાર ગીતોં કા ગુલદસ્તા’ શિર્ષક હેઠળ શ્રી અરવિંદ મહેતા દ્વારા પ્રસ્તુત, રાશી મોદી દ્વારા સંચાલિત મ્યુઝિકલ ઓરકેસ્ટ્રામાં મુખ્તાર શેખ, ધનશ્રી દેશપાંડે, ચિરાગ પંચાલ, ગુલ સક્સેના તથા અનુભવ સુમન જેવા નામી કલાકારોએ વિખ્યાત સાજીંદાઓ સાથે ગીતોની રસલહાણ કરાવી હતી. એક કલાકની સંગીતમય સફર પછી શતાબ્દી સમારોહનો મહત્વપૂર્ણ સન્માન કાર્યક્રમ યોજાયો હતો. જેનું સંચાલન ચાંદની લાલકાએ કર્યું હતું.

નવકાર મંત્રની રજૂઆત પછી પ્રકાશ સમીક્ષા સમિતિ ટ્રસ્ટ દ્વારા રવિવાર, તા.૧૦ નવેમ્બરના નારાણજી શામજી વાડી માટુંગા ખાતે આયોજિત થયેલા પૂર્વ તંત્રીશ્રીઓ, સહતંત્રીશ્રીઓ, લેખકો સંશોધન સમિતિના સભ્યો, શતાબ્દી ઉજવણી સમિતિના સભ્યો, શતાબ્દી સમારોહના સિલ્વર દાતાશ્રીઓ તથા બ્રોન્ઝ દાતાશ્રીઓ, પ્રતિનિધિઓ તથા શતાબ્દી સમારોહની ઉજવણીમાં સહયોગી બનેલા વ્યક્તિઓનું સ્મૃતિચિહ્ન આપી સન્માન કરવામાં આવ્યું હતું, તે કાર્યક્રમની વિડીયો ક્લીપ સ્ક્રીન ઉપર દેખાડવામાં આવી જેને ઉપસ્થિત પ્રેક્ષકોએ તાળીઓથી વધાવી હતી.

ત્યારબાદ શતાબ્દી સમારોહના આધારસ્તંભ દાતાશ્રી હરીશભાઈ નરશી ધરમશી સુથરી (મુલુંડ) તેમના ધર્મપત્ની શ્રીમતી કુસુમબેન, સમિતિના ટ્રસ્ટીગણ તથા ઉજવણી સમિતિના પ્રમુખ શ્રી ચીમનભાઈ મોતાએ મંચ ઉપર સ્થાન ગ્રહણ કર્યું હતું. પ્રકાશ સમીક્ષા સમિતિના પ્રમુખ તથા તંત્રીશ્રી હીરાચંદ દંડએ પોતાના પ્રવચનમાં સૌનું સ્વાગત કર્યું હતું તથા ઉજવણીની તૈયારીઓ તથા વ્યવસ્થા બાબતે માહિતી આપી સર્વ દાતાશ્રીઓ, સહયોગીઓ તથા જ્ઞાતિજનો પ્રતિ આભાર વ્યક્ત કર્યો હતો. યુવા પેઢીને પ્રકાશ સમીક્ષા સાથે જોડાવવા નિવેદન કર્યું હતું.

સન્માનના દોરમાં સૌ પ્રથમ તંત્રી તરીકે દીર્ઘકાલીન સેવા આપનારા પૂર્વ તંત્રીશ્રીઓ શ્રી સનત નરપાર શાહ તથા શ્રી રાયચંદ રતનશી નાગડાના પરિવાર અને વર્તમાન તંત્રી શ્રી હીરાચંદ દામજી દંડનું આજના સમારંભના મુખ્ય અતિથિ શ્રી હરીશભાઈ ધરમશીના વરદહસ્તે સ્મૃતિચિહ્ન આપી બહુમાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શતાબ્દી સમારોહના આધારસ્તંભ દાતાશ્રી હરશીભાઈ નરશી

# પ્રકાશ સમીક્ષા મેગેઝિનનો શાનદાર
# શતાબ્દી સમારોહ યોજાયો




ધરમશી-સુથરી (મુલુંડ), ગોલ્ડન દાતાશ્રીઓ શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા-રવા (ચેમ્બુર), શ્રીમતી મીનાબેન શાંતીલાલ નાગડા નલિયા (માટુંગા), માતુશ્રી ઝવેરબાઈ શીવજી કુંવરજી વિકમશી-રાણપર (પરેલ), માતુશ્રી પ્રમિલાબેન દામજી નથુભાઈ દંડ-મંજલ રેલડીયા (ઘાટકોપર) તથા માતુશ્રી દમયંતીબેન સનત નરપાર શાહ (લોડાયા)-મોટી સિંધોડી (સાયન) એમ છ પરિવારોનું ક.દ.ઓ.સમાજના આગેવાનોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. જેને ઉપસ્થિતોએ તાળીઓના ગડગડાટથી વધાવ્યું હતું.

સમારોહમાં પ્રકાશ સમીક્ષા સ્મૃતિ વિશેષ અંકનું વિમોચન ચંદ્રેશ છેડા, પ્રવીણ લોડાયા અને પ્રબોધ મુનવરના હસ્તે કરાયું. સદર અંકમાં જ્ઞાતિ ઈતિહાસની માહિતી, વિવિધ સંસ્થાઓની સવિસ્તર વિગત પ્રકાશ સમીક્ષાની ૧૦૦ની સફરનો ઈતિહાસ ઈત્યાદી ઉપયોગી માહિતી સંકલિત કરાઈ છે.

તે ઉપરાંત હરીશભાઈ ધરમશીના હસ્તે કોફીટેબલ બુકનું વિમોચન કરાયું હતું. જેમાં જ્ઞાતિના મહાનુભાવોની માહિતી તેમના કાર્યોની વિગત આધારભૂત રીતે સંકલિત કરાઈ છે.

આધારસ્તંભ દાતાશ્રી હરશીભાઈ ધરમશીએ ખૂબજ વિનમ્રતાથી આ લાભ આપવા બદલ પ્રકાશ સમીક્ષા ટ્રસ્ટનો આભાર માન્યો હતો તથા પ્રકાશ બસો વરસનું થાય એવી શુભેચ્છા આપી હતી. તેમણે પ્રકાશ સમીક્ષામાં પ્રગટ થતી ઘણી માહિતીઓ, રજૂઆત જ્ઞાતિજનોને અનેક રીતે ઉપયોગી થાય છે. વિદેશ વસતા જ્ઞાતિજનો એનો લાભ લે છે એની વાત કહી વિવિધ માહિતીઓ પ્રકાશ સમીક્ષામાં અપાતી રહે એવી ઈચ્છા વ્યક્ત કરી હતી. આ માહિતીઓ ભવિષ્યમાં પણ ઉપયોગી થઈ રહેશે એવું જણાવ્યું હતું. શ્રીમતી કુસુમબેન પણ પોતાના સ્મરણો વાગોળી શુભેચ્છાઓ આપી હતી. જ્ઞાતિજનો દ્વારા ચલાવાતી સેવા પ્રવૃત્તિઓની જાણ સૌનો થાય એ જરૂરી છે. બેંગલોરના અલ્પાબેન ધરમશી દ્વારા કોરોના સમયે પિડિતોની માટે વાર્તાલાપ કરી અને તેમના દર્દને ઓછું કરાવેલ હતું. એમની અંગ્રેજી ભાષામાં કોલમ પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત કરવામાં આવે છે. જે પ્રેરણાદાયી છે અને સમાજ ઉપયોગી છે એવું કહ્યું હતું. સંસ્થાના ટ્રસ્ટી શ્રી શૈલેષભાઈ શાહે આભાર વિધિ કરી હતી. શતાબ્દી સમારોહમાં સન્માન સમારંભની પરિપૂર્ણતા પછી ફરીથી 'સદાબહાર ગીતોં કા ગુલદસ્તા' સંગીતમય પ્રસ્તુતિઓ રાશિ મોદીના મધુર સંચાલનમાં રજૂ થઈ હતી જેને પ્રેક્ષકોએ મન ભરીને માણી હતી અને કલાકારોના પર્ફોમન્સને તાળીઓથી વધાવ્યું હતું. દસ વાગે સમાપ્ત થયેલ કાર્યક્રમની મીઠી યાદો સાથે ક.દ.ઓ.જ્ઞાતિજનો સ્વગૃહે જવા પ્રસ્થાન કર્યું હતું.

|| શ્રી મહાવીરાય નમઃ ||   || શ્રી સુવિધીનાથાય નમઃ ||   || શ્રી આદીનાથાય નમઃ ||

શ્રી જખૌ મહાજન Estd.1966

KDO

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન - જખૌ

**સ્થાનિક કાર્યાલય :** શ્રી રત્નટુંક જૈન દેરાસર, મુ. પોસ્ટ જખૌ, તા. અબડાસા (કચ્છ)-૩૭૦ ૬૪૧.

## વાર્ષિક સામાન્ય સભાની નોટીસ

શ્રી ક.દ.ઓ. જૈન મહાજન જખૌ સભ્યો જોગ,

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન - જખૌ **વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૦૨-૦૨-૨૦૨૫ ના રોજ બપોરના ૨.૦૦ કલાકે થી ૪.૦૦ કલાકે. પરમ કેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬** ખાતે રાખવામાં આવશે. જેમાં નીચે મુજબના એજન્ડા રહેશે.

## -: એજન્ડા : કાર્યસુચી :-

૧) ગત વાર્ષિક સામાન્ય સભા તા. ૧૧-૦૨-૨૦૨૪ ની કાર્યવાહીનું વાંચન અને બહાલી.

૨) મહાજનના વર્ષ ૨૦૨૩-૨૦૨૪ ના ઓડીટેડ હિસાબો તથા ઓડીટ રિપોર્ટની રજુઆત અને બહાલી.

૩) વર્ષ ૨૦૨૩-૨૦૨૪ ની મહાજનશ્રી તથા ટ્રસ્ટની પ્રવૃત્તિઓનો અહેવાલ અને નોંધ લેવી.

૪) શ્રી રત્નટુંક જૈન દેરાસરના વર્ષ ૨૦૨૩-૨૦૨૪ ના ઓડીટેડ હિસાબોની રજુઆત અને તેની નોંધ લેવા.

૫) મહાજનશ્રીના વાર્ષિક હિસાબોના અન્વેષણ કાર્ય માટે વર્ષ ૨૦૨૪-૨૦૨૫ ના કાર્યકાળ માટે ઓડીટરની નિમણુંક તથા મહેનતાણુ નક્કી કરવા બાબત.

૬) જૂના અતિથીગહનું વિર્સજન

૭) નવિન વિવિધ લક્ષી હૉલ અને અન્ય રૂમોનું નિર્માણ

૮) જૂના વાસણો અને બિનઉપયોગી જૂની સામગ્રીનું વેચાણ

૯) પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય બાબતો.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન જખૌ વતી**

લી. માનદ્ મંત્રીઓ : **ચંદ્રેશ વસનજી સોની - રીતેશ કિશોર ખોના**

**નોંધ :** ૧) કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક પછી તેજ સ્થળે મળશે. જેમાં ૧૫ સભ્યોની હાજરી અનિવાર્ય રહેશે.


૨) વર્ષ ૨૦૨૩-૨૦૨૪ ના અન્વેષિત હિસાબો તથા ઓડીટ રિપોર્ટ સભ્યોને જાણ ખાતર શનિવાર તા. ૨૧-૧૨-૨૦૨૪ થી શુક્રવાર તા. ૨૭-૧૨-૨૦૨૪ ના રોજ સવારના ૧૦.૦૦ થી ૧૨.૦૦ અને સાંજના ૪.૦૦ થી ૬.૦૦ દરમિયાન નીચેના સ્થળે ખુલ્લા રાખવામાં આવશે.

૩) હિસાબો સંબંધી કોઈપણ પ્રશ્નો હોય તો તે તા. ૫-૦૧-૨૦૨૫ ના સાંજના ૫.૦૦ વાગ્યા સુધી લેખીતમાં જખૌ દેરાસરમાં મહેતાજી ને આપવું. તેમજ બેલેન્સશીટ કચ્છ ઓફીસથી મળી શકશે. તા. ૨૧-૧૨-૨૦૨૪ થી તા. ૨૭-૧૨-૨૦૨૪ સુધી ૪.૦૦ થી ૬.૦૦ કલાકે દરમિયાન મળી શકશે.

**સ્થાનિક કાર્યાલય :** શ્રી રત્નટુંક જૈન દેરાસર, મુ. પોસ્ટ જખૌ, તા. અબડાસા (કચ્છ) - ૩૭૦ ૬૪૧. ફોન : **93770 88890**

**મુંબઈ કાર્યાલય : શ્રી હંસકુમાર શામજી શિયાલ,** C/o. હેમંત સર્જીકલ ઈન્ડટ્રીઝ લિ., ૫૦૨, એક્સટસી બિલ્ડીંગ, ૫ મા માળા, જે.એસ.ડી. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. ફોન : **96194 84151**

# સંજીવની કેસ નં.૧૬૩ માટે જરૂરી રકમ ટૂંકા સમય ગાળામાં જમા થઈ ગઈ




કચ્છ વારાપધ્ધર-ભાંડુપના ૭૭ વર્ષીય શ્રીમતી હીરાબેન વિજય લોડાયા પડવાને કારણે તેમને જમણી તરફ સુપિરિયર રામસનું ફ્રેક્ચર થયું છે. જેના ઈલાજ માટે મેડિકલ ટ્રીટમેન્ટ અને પેલ્વિક સપોર્ટ માટે હોસ્પિટલમાં તાત્કાલિક દાખલ કરવામાં આવ્યા. તેઓ તેમની પુત્ર સાથે રહે છે અને બંન્ને જણ મળીને ઘરેલું ટિફીન સેવા પુરી પાડી ગુજરાન ચલાવે છે. પરિવારની કોઈ બચત નથી કે નથી કોઈ વીમાનું પીઠબળ. તેથી આવી પડેલી આકસ્મિક આફતમાંથી હેમખેમ બહાર આવી જાય એ માટે તેઓએ ડોક્ટરો દ્વારા અપાયેલ અંદાજિત ખર્ચ રૂ.૫૦ હજારની મદદ માટે મેડિકલ સમિતિની સંજીવની યોજના માટે અરજી કરી.

જેના સકારાત્મક જવાબ રૂપે આ કેસ ક્રાઉડ ફંડિગ માટે મૂકાયો અને જૂજ સમય ગાળામાં ભંડોળ જમા થઈ જતાં સદર અરજી કેસ નં.૧૬૩ માટે ક્રાઊડ ફંડિગ બંધ કરાયું.

આજ સુધીના દરેકે દરેક કેસની મદદે ઉદાર દિલ દાતાઓ, મહાજન, સંસ્થાઓ એકમો અને ટ્રસ્ટ આવ્યા છે. જે માનવતાની મિશાલ રૂપ છે. પોતાના લક્ષ્મીને મહાલક્ષ્મી તરીકે સ્થાપિત કરનાર આ સૌ ગુણીજનોની ઉદાર ભાવનાને શત શત સલામ.

# એડવોકેટ હેતલ લહેરચંદ મૈશેરી બેસ્ટ ટિચર એવોર્ડથી સન્માનિત




કચ્છ લાલા-હાલે ભાંડુપના એડવોકેટ હેતલ લહેરચંદ વેલજી મૈશેરીને આઈસીએસઆઈ ઈન્સ્ટિટ્યૂટેશન થાણે દ્વારા બેસ્ટ ટિચરના એવોર્ડથી સન્માનિત કરાયા છે. હાલે તેઓ થાણે લો કોલેજ સાથે સંપૂર્ણ સમય માટે સંકળાયેલા છે. ૨૦ વર્ષથી કાયદાકીય શિક્ષણ જ્ઞાન આપે છે. આ વર્ષે તેમના ત્રણ સંશોધન નિંબધ પત્રો પ્રકાશિત થયાં છે. પર્યાવરણ પરની રાષ્ટ્રીય પરિષદમાં પણ સહભાગ લીધો છે. આંતરજ્ઞાતીય ધર્મ લગ્નમાં સંતાનની કસ્ટડી પરની આંતરરાષ્ટ્રીય પરિષદનો હિસ્સો બનયા છે. યુજીસીકેર જર્નલ આયોજિત વાઈલ્ડ લાઈફ અને જૈવ વિવિધતા વિષયે પોતાના વિચાર માંડી ચૂક્યા છે. છૂટાછેડાની વધતી જતી સમસ્યા પ્રત્યે જાગૃત થઈ નિષ્ણાત કાનૂની સલાહ પ્રદાન કરી માર્ગદર્શન કરવા અને વિવિધ કાનૂની દસ્તાવેજોનો મુસદ્દો તૈયાર કરવા માટે તેઓ WILL સમક્ષ રજૂઆત કરી ચૂક્યા છે. વર્ષ ૨૦૧૪માં સંસદ ભવનની મુલાકાત લઈ. ગૃહને સંબોધવાની તક પણ તેમને મળી છે.

તેમના કાર્ય ગૌરવનું સન્માન આ એવોર્ડથી પ્રાપ્ત થયું છે જે માટે હાર્દિક અભિનંદન તથા ઉત્તરોત્તર પ્રગતિ માટેની શુભકામના.

|| દંતાણી તીર્થ મંડન શ્રી સીમંધરસ્વામિને નમઃ ||

|| વિધિપક્ષ અચલગચ્છ પ્રર્વતક દાદા ગુરૂશ્રી આર્યરક્ષિતસૂરિ ગુરૂભ્યો નમઃ ||

શ્રી સીમંધરસ્વામિ પ્રશંસિત, મહાત્યાગી-ક્રિયોદ્ધારક, વિધિપક્ષ (અચલગચ્છ)
પ્રવર્તક પ.પૂ.દાદાગુરૂદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની જન્મ દીક્ષા ભૂમિની સ્મૃતિમાં નિર્મિત

**શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ**

**શ્રી સીમંધરસ્વામી વીશ વિહરમાન ૩૨ વિજય મહાવિદેહ તીર્થ**

**આમુલચૂલ ભવ્ય સંગેમરમર ૩૨ જિનાલય સહ**

દાદા ગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.ના ગુરૂ મંદિર (દાદા વાડી)નું જીર્ણોધ્ધાર... નવ નિર્માણ

તીર્થ સંસ્થાપક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા

તીર્થ પ્રેરક : જીર્ણોધ્ધાર માર્ગદર્શક : પુણ્ય પ્રભાવક સામ્રાજ્ય,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવનો મુહૂર્ત :**
**વિ.સં. ૨૦૮૧ મહા વદ-૧ ગુરૂવાર. ૧૩/૨/૨૦૨૫**
**આજથી જ નક્કી કરો કે તમારે દંતાણી તીર્થની મુલાકાત લેવી છે.**

**ઉત્તમ ભોજનશાળા - એસી/નોન એસી આધુનિક ધર્મશાળાની પરમ સુવિધા**

• સંપર્કઃ મેનેજર - ભરતભાઈ દંડ - 9929917712

**સૌજન્ય : શ્રી જગત ચંદુલાલ ધરમશી (સુથરી-અબડાસા-કચ્છ)**

# કુ. અદિતી મહેશ લોડાયા PGDM ના શ્રેષ્ઠ વિદ્યાર્થી અને શ્રેષ્ઠ ઓપરેશન મેનેજમેન્ટ એક્સલન્સ માટે બે સુવર્ણ ચંદ્રક મેળવ્યા






પરજાઉ-અમદાવાદના કુ. અદિતી મહેશ શાહ લોડાયા પોસ્ટ ગ્રેજ્યુએશન માસ્ટર્સ ઓપરેશન મેનેજમેન્ટના ૨ વર્ષના શૈક્ષણિક ડિગ્રી કોર્સના કાર્યકાળ દરમ્યાન વર્ષ ૨૦૨૨-૨૪ બેચના શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકેનો સુવર્ણ ચંદ્રક મેળવ્યો છે. આ સન્માન સમગ્ર અભ્યાસક્રમ દરમ્યાન એકંદર શૈક્ષણિક શ્રેષ્ઠતા અને ઉત્કૃષ્ટ કામગીરીને માટે પ્રદાન કરાય છે. બીજો શ્રેષ્ઠ ઓપરેશન મેનેજમેન્ટ એક્સેલન્સ જે આ ક્ષેત્રમાં અસાધારણ પ્રાવીણ્ય અને સિધ્ધિ મેળવનારને ગોલ્ડ મેડલ પ્રદાન કરાય છે તે પણ કુ.અદિતી લોડાયાને મળ્યો છે.

ISBR ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યૂટેશન દ્વારા સંચાલિત ઓપરેશન મેનેજમેન્ટમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ PGDM એ વિશિષ્ટ માસ્ટર પ્રોગ્રામ છે જેનો હેતુ સંસ્થાઓની આંતરિક કામગીરીની દેખરેખ રાખવા અને ઓપ્ટિમાઈઝ કરવામાં રસ ધરાવતી વ્યક્તિઓ માટે છે. ૨ વર્ષનો આ પ્રોગ્રામ વિદ્યાર્થીઓને વિવિધ ઉદ્યોગોમાં લાગુ પડતા આવશ્યક સંચાલકીય અને તકનીકી કૌશલ્યોથી સજ્જ કરે છે. આ કોર્સના વિષયોમાં પ્રોજેક્ટ મેનેજમેન્ટ, કોસ્ટ એકાઉન્ટિંગ અને સપ્લાય ચેઈન મેનેજમેન્ટનો સમાવેશ થાય છે. કુ. આદિતી લોડાયાએ પ્રાપ્ત કરેલ બે સુવર્ણ ચંદ્રક માટે હાર્દિક અભિનંદન અને આગામી ભવિષ્યની કારકિર્દી માટેની શુભેચ્છા.

# વડાલાના શ્રી સંભવનાથ જિનાલયની ૩૮મી વર્ષગાંઠ પ્રસંગે શ્રી મહાકાલી માતાજીની ભાવના ભણાવાઈ





મુંબઈના ઉપનગર વડાલા સંઘના શ્રી સંભવનાથ જિનાલયની ૩૮મી વર્ષગાંઠની ઉજવણી પ્રસંગે અચલગચ્છાધિષ્ઠાયિકાશ્રી મહાકાલિ માતાજીની ભક્તિ ભાવના શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપ એ ભણાવી હતી. ધર્મભક્તિ ભાવના રમઝટમાં સૌ રમમાણ થઈ ભક્તિ કરી હતી.


શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઈ
Shree K.D.O. Students Association
જ્ઞાતિની એક માત્ર પ્રવૃત યુવા સંસ્થા
SHREE K.D.O. STUDENTS ASSOCIATION
LETS GO
CAMPING
YOUR GATEWAY TO OUTDOOR ADVENTURE
OFF THE GRID
GLAMPS
Camping, Team Games,
Indoor Outdoor Games, DIY Activities,
Kayaking, Jamming Session
Ice Bath, Nature walk, Campfire,
Live Music & Many Other Activities
ONLY FOR KDO'S
LIMITED SEATS ONLY
Age - 16 to 25 years
14th - 15th DEC, 2024
₹ 1599/- Per Person
NON REFUNDABLE 100% FOR ANY REASON
For Registration Contact
KAJAL DHROL - 90042 96514
RONAK LAPASIYA - 97021 58578

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી ડીસેમ્બરથી ફેબ્રુઆરી માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૦૮ ડીસેમ્બર ૨૦૨૪ | શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ આયોજિત સમુહ લગ્ન કચ્છ સાંધવ |
| તા. ૦૮ ડીસેમ્બર ૨૦૨૪ | ઝવેર રોડ, મુલુંડ દેરાસરમાં અચલગચ્છ અધિષ્ઠાયિકા દેવી શ્રી મહાકાળી માતાજીની ભાવના રાત્રે ૮.૩૦ ક. લાભાર્થી મા. માનબાઈ દામજી ખીયશી મૈશેરી (લાલા) પરીવાર |
| તા. ૯ થી ૧૧ ડીસેમ્બર ૨૦૨૪ | મુમુક્ષુ કુ. જિનલ રવિન્દ્ર નરશી લોડાયા, નલિયા-ચોપડાનું દિક્ષા મહોત્સવ, ચાલીસગામ. |
| તા. ૧૦ ડીસેમ્બર ૨૦૨૪ | કોટડી મહાદેવપુરીમાં ધ્રોળ પરીવારના કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી તથા શ્રી વાછરા દાદા સ્થાનકે ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૧૧ ડીસેમ્બર ૨૦૨૪ | કુવાપધર શ્રી ભલારા દાદા દેવસ્થાનનું ૨૭ મુ ધ્વજારોહણ મહોત્સવ લાભાર્થી મા.રાજબાઈ પદમશી ખીમજી મોતા (કુવાપધર) પરીવાર. |
| તા. ૧૫ ડીસેમ્બર ૨૦૨૪ | શ્રી ક દ ઓ મંડળ ડોમ્બિવલી આયોજિત એક દિવસીય પિકનીક ધ ગ્રેટ એસ્કેપ રિસોર્ટ |
| તા. ૧૧ થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ | ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ આયોજિત હલો પાંજે વતન કચ્છ પ્રવાસ |
| તા. ૩૧ જાન્યુઆરી ૨૦૨૪ થી ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી તેરા તીર્થ બને જિનાલયોનું ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૦૯ ફેબ્રુઆરી ૨૦૨૪ | વરાડીયા મા બિરાજમાન ડાઘા કુળદેવી શ્રી મોમઇ માતાજીની મુંબઈમા સળંગ ૩૩મી પહેડી લાભાર્થી શા. દામજી વેલજી ડાઘા (કોઈમ્બતુર) પરીવાર : મેવાડ કેશરી હોલ, ભાડુંપ. |
| તા. ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી રાપરગઢ તીર્થ-શ્રી ગોડીયા પાર્શ્વનાથજી જિનાલય દ્વિતીય ધ્વજારોહણ મહોત્સવ. |

## જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# ફુલ ખીલે ગુલશન ગુલશન



## શ્રેયાંશ

લોડાયા પરિવાર
માતા – કોશાલી
પિતા – પ્રણવ
જન્મ – ૧૧-૧૧-૨૦૨૪





## હિયાંશ

વિકમશી પરિવાર
માતા – મમતા
પિતા – હાર્દિક
જન્મ – ૨૧-૧૧-૨૦૨૪





## વિહા

ડાઘા પરિવાર
માતા – કિંજલ
પિતા – દર્શન
જન્મ – ૧૭-૧૧-૨૦૨૪






# ભાવભીની શ્રદ્ધાંજલિ



**રમીલાબેન દંડ**
તા.૧ ડિસેમ્બર (ઉ.૬૩)
સાંધવ-મુલુંડ



**ડૉ.પુષ્પાબેન પાટીલ**
તા.૧ ડિસેમ્બર
માનબાઈ નેણશી વિકમશી
નલિયાવાલા ની દીકરી



**મંજુલાબેન લોડાય**
તા.૪ ડિસેમ્બર (ઉ.૮૯)
મોટી ખાવડી-જામનગર

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● વર્ષ ૨૦૦૧માં કચ્છ ગુજરાતમાં આવેલા મહાભૂકંપમાં દિવંગત થયેલા લોકોની સ્મૃતિમાં ઐતિહાસિક ભુજિયા ડુંગરની તળેટીમાં રૂા.૩૭૫ કરોડના ખર્ચે ૧૭૫ એકરમાં આકાર પામેલા સ્મૃતિવન સ્મારક અને સંગ્રહાલયનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૨૨ માં લોકાપર્ણ કરીને સમગ્ર વિશ્વને વિરાસત સમાન સ્મારકની ભેટ આપી છે. સ્મૃતિવનમાં ૫૦ ચેક ડેમ બનાવવામાં આવ્યા છે. ખાસ કરીને ભૂકંપમાં જીવ ગુમાવનાર ૧૨૯૩૨ સદ્‌ગતના નામ ૧૦૨૦ નેમ પ્લેટમાં તેમના ગામ, તાલુકા શહેરના નામની વિગત કંડારીને તેઓને અનોખી રીતે અંજલિ આપવામાં આવી છે. અત્રેનું સન પોઈન્ટ આકર્ષણનું કેન્દ્ર છે. એશિયાનું સૌથી મોટું મિયાવાકી વન જેમાં ત્રણ લાખથી વધુ વૃક્ષો મિયાવાકી પધ્ધતિથી ઉછેરીને અને જીવસૃષ્ટિ જીવજંતુઓને આશ્રયરૂપ બન્યું છે.

● કચ્છના મુંદ્રા અને માંડવી તાલુકાના કાંઠાળ પટ્ટીનાં કેટલાંક ખારાશવાળા ગામ પીવાના પાણીની સમસ્યાથી ત્રસ્ત છે. આ ગામોમાં ગ્રામ્ય સિંચાઈ યોજનાઓનો પૂરો લાભ નથી પહોંચ્યો અને પૂરતા જળ સંચય આયોજનના અભાવે દુષ્કર પરિસ્થિતિનો સામનો કરી રહ્યાં છે. જોકે હવે ધીરે ધીરે આ સમસ્યાથી મુક્તિ મળી રહી છે. અદાણી ફાઉન્ડેશન પાસે ગામોની સમસ્યાની વાત પહોંચી ત્યારે વરસાદી પાણીનો સંગ્રહ એ જ ઉકેલ દેખાયો. દરેક ઘર કે વાડીમાં ૧૦ હજાર લિટરના વરસાદી પાણીના સંગ્રહની ટાંકીની ડિઝાઈન નક્કી કરાઈ. સ્વમાની ગામ લોકોએ પણ લોક ફાળો આપવાની દરખાસ્ત કરી અને ૧૧૦ જેટલા ટાંકા મોઢવા ગામમાં જ બની ગયા છે. ઝરપરામાં ૧૩૬, મોટી ભુજપુરમાં ૫૨, નવી નાળમાં ૧૩ ઉપરાંત પ્રતાપપર, મોટી ખાખર, દેશલપર મળીને આઠ ગામમાં ૩૩૦ ટાંકાનું કામ સંપન્ન થયું છે. ટાંકાની રચના એવી રીતે કરાઈ છે કે છત પરથી વરસાદનું પાણી પાઈપ દ્વારા વિશાળ ટાંકામાં સંગ્રહિત કરાય છે. આ શુધ્ધ પાણી લગભગ એક વર્ષ સુધી પીવાના પાણીની સમસ્યાઓ ઉકેલ આપે છે.

● આદ્યશક્તિની ઉપાસના પર્વ નવરાત્રિ પૂર્ણ થતા ભક્તો માતાજીનો ગરબો પાણીમાં વિર્સજિત કરી દેતા હોય છે. માંડવી તાલુકાના રાયણગામના પ્રકૃતિપ્રેમી યુવાનો જીવદયાના જતન માટે અલગ તરીકો ખોજ્યો છે. પાણીમાં તરાવેલા ગરબાઓ પાણીમાંથી કાઢી ગામના યુવાનો પક્ષીઓના ઘર બનાવ્યા જે પક્ષીઓને આશરો આપે છે.

● કચ્છીઓને વ્યાપાર વ્યવસાયમાં વર્તમાન બદલાતી પધ્ધતિઓ અને ટેકનોલોજીઓનું જ્ઞાન આપીને તેમને આગળ વધારવાના ઉદ્દેશથી કાર્યરત મુંબઈ સ્થિત કચ્છ કોર્પોરેટ ફોરમએ હાવર્ડ બિઝનેસ સ્કૂલ ઓનલાઈન સાથે સમજૂતી સાધીને મોટી સફળતા મેળવી છે. જેનાથી સંગઠનના સભ્યો આવા બિઝનેસ કોર્સમાં તેમના ઘરે બેસીને જોડાઈ શકશે. અમેરિકા સ્થિત પ્રતિષ્ઠિત હાવર્ડ બિઝનેસ સ્કૂલ સાથે થયેલ સમજૂતી મુજબ કેસીએફના સભ્યો તેમના અનુકૂળ સમયે અને અગાઉથી રેકોર્ડેડ કલાસીસ દ્વારા ઓનલાઈન ઘરે બેસીને અલગ અલગ ૨૫ જેટલા કોર્સમાં જોડાઈ શકશે. ટૂંકા સમયાગાળામાં ૩૦ જેટલા બિઝનેસમેનો કોર્સમાં જોડાઈ ચૂક્યા છે.

● વાગડ ગ્રેજ્યુએટસ એસોસિએશન, વાગડ કલા કેન્દ્ર કો.ઓ.ક્રેડિટ સોસાયટી, વાગડ વિસા ઓસવાળ વિકાસ સમાજ અને ભરત રાયચંદ કોરશી શાહ વિસા ઓસવાળ કેળવણી ફંડના સંયુક્ત સહયોગે લોન મેળો યોજાયો. જેમાં ૨૫૦ થી વધુએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. આજના સમયમાં વ્યક્તિની જરૂરિયાત વધી હોવાથી નાણાંની આવશ્યકતા પણ ખૂબ વધી ગઈ છે. એ સંજોગો નિવારવા કચ્છી અને વાગડ સમુદાયના લોકોને જોડવા અને બેંકના વ્યવહારો કરવાના હેતુથી પ્રથમ વખત લોન મેળાનું નિઃશુલ્ક આયોજન કરાયું હતું. વાગડ સમાજના નર્સરીથી ધોરણ ૧૦ સુધીના છાત્રોને વાગડ ગ્રેજ્યુએટ એસોસિએશન શિષ્યવૃત્તિ આપે છે. ત્યારે ભરત રાયચંદ કેળવણી ફંડ ૪-૫ વર્ષ માટે વ્યાજ મુક્ત શિક્ષણ લોન આપે છે.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA